અરવલ્લી જીલ્લામાં 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ' ઉજવાયો

ગ્રાહકોમાં ખરીદી સમયે જાગૃતતા આવે માટે આગામી સમયમાં ગ્રાહક સુરક્ષાની શિબિરોનું વધુમાં વધુ આયોજન કરાશે - મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર : ગ્રાહકો ત્રિસ્તરીય રીતે ગ્રાહક સુરક્ષામાં અરજી કરી શકે છે ગ્રાહક તકરાર નિવારણ આયોગ પ્રમુખએ.એસ.ગઢવી : મોડાસાના ટાઉન હોલ ખાતે અન્ન,નાગરિક પુરવઠો રાજ્ય મંત્રીની અધ્યક્ષતામાં "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ" ની ઉજવણી કરાઈ

બાયડ તા.૨૫

ગુજરાત રાજ્યના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ અને કન્ઝ્યુમર અફેર્સ એન્ડ પ્રોટેક્શન એજન્સી ઓફ ગુજરાત (કા.પા.ગ.) ના સહયોગથી ૨૪ ડિસેમ્બરના રોજ સમગ્ર ભારતમાં તેમજ રાજ્યમાં ગ્રાહક સુરક્ષા પરિષદ દ્વારા "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે અન્ન,નાગરિક પુરવઠો અને ગ્રાહ બાબતો (ગુજરાત રાજ્ય)ના રાજ્ય મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ" ની ઉજવણી કરાઈ. આ પ્રસંગે મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું કે, આજનો દિવસ એટલે કે ૨૪ ડિસેમ્બર એ સમગ્ર ભારતમાં "રાષ્ટ્રીય ગ્રાહક દિવસ" તરીકે ઉજવાય છે. ગ્રાહકોમાં ખરીદી સમયે જાગૃતતા આવે. તેમજ ગ્રાહકો ખરીદી સમયે સાવચેત રહે તથા ખરીદી બાબતમાં જાગૃતિ આવે તે માટે આવનારા સમયમાં ગ્રાહક સુરક્ષાની શિબિરોનું વધુમાં વધુ આયોજન થવું જોઈએ તેવુ ભારપૂર્વક જણાવ્યું હતું.

તેમણે વહીવટી તંત્રને અનુરોધ કરતા જણાવ્યું કે, કોઈપણ પ્રકારના ગ્રાહકોના લગતા મુદ્દાઓને ધ્યાને દોરવા કહ્યું હતું. જેથી સમસ્યાનું ઝડપથી નિરાકરણ લાવી શકાય. સાથે તેમણે ગ્રાહકોને નાની મોટી ખરીદીમાં ફરિયાદો હોય છે અને પોતાના સાથે છેતરપિંડી ન થાય તેનું પૂરતું ધ્યાન રાજ્ય સરકાર રાખી રહી છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રાહક તકરાર નિવારણ આયોગ બનાસકાંઠા,પાટણ, સાબરકાંઠા પ્રમુખશ્રી એ.એસ.ગઢવીએ જણાવ્યું હતું કે, ગ્રાહકો છેતરાય ત્યારે તેની ફરીયાદો માટે ક્યા જવું તેના વિષે ગ્રાહકોને માહિતગાર કર્યા.ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ત્રિસ્તરીય રીતે ફરિયાદ કરી શકે છે, જેમાં પ્રથમ જીલ્લામાં ગ્રાહક

સુરક્ષાની કચેરી હોય છે ગ્રાહક દસ્તાવેજી પુરાવા સાથે અરજી કરી શકે છે. જેના આધારે જ અધિકારી સામેવાળી વ્યક્તિને કે કંપનીને નોટીસ કરી શકે છે. ગ્રાહક એક કરોડ સુધીની છેતરપિંડીની ફરિયાદ કરી શકે છે. તેમજ જો આ ફરિયાદમાં તેને કોઈ નિવારણ ન મળે તો તે બીજી રીતે સમગ્ર ગુજરાતમાં આવેલી અમદાવાદની સ્ટેટ કમિશનમાં પણ જઈ શકે છે તથા ત્રીજી રીતે તે નેશનલ કમિશન કચેરી દિલ્હીમાં ફરિયાદ કરી શકે તથા કાયદાનો આશરો લઈ શકે છે.

તેમણે વધુ જણાવતા કહ્યું કે, સૌ ગ્રાહકોએ નાની-નાની બાબતોથી પણ જાગૃત થવાની જરૂર છે. એ.ટી.એમ ફ્રોડ થાય તેનાથી સાવચેત રહેવું. વીમા પોલીસીઓથી સાવચેત રહેવું. તેમાં આપેલી શરતોને ધ્યાનથી વાંચવી જોઈએ. તેમજ અરવલ્લી જીલ્લાના ઘર આંગણે ગ્રાહકોને ન્યાય મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી રહ્યા છીએ. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત જાગૃત નાગરિક,ગ્રાહક સુરક્ષા મંડળ ડીસાના પ્રમુખશ્રી કિશોર દવેએ જણાવ્યું કે, ગ્રાહક એ બજારનો રાજા કહેવાય છે પરંતુ બજારમાં ખરીદી સમયે હમેશા વેપારીઓથી છેતરાતા હોય છે. ગ્રાહક સુરક્ષા કાયદો એ એક હથિયાર સમાન છે, સુરક્ષા કાયદાનો ઉપયોગ કઈ રીતે કરવો તે જાણકારી હોવી જોઈએ. ગ્રાહક સુરક્ષાને નહિ સમજો ત્યાં સુધી છેતરપિંડીનો ભોગ બનતા રહેશો. ગ્રાહક સુરક્ષા કાયદામાં આઠ અધિકારો આપેલા છે. જેવા કે માહિતી મેળવવાનો અધિકાર, પસંદગીનો અધિકાર, સુરક્ષાનો અધિકાર, રજૂઆત કરવાનો અધિકાર, વળતર મેળવવાનો અધિકાર, તંદુરસ્ત પર્યાવરણનો અધિકાર, શિક્ષણ મેળવવાનો અધિકાર, પાયાની જરૂરિયાત મેળવવાનો અધિકાર રહેલા છે.

આ કાર્યક્રમમાં જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી બીપીનભાઈ, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસાર, અંગત સચિવશ્રી ડી.એલ.પરમાર, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મીતાબેન ડોડીયા, અગ્રણી શ્રી ભીખાજી ડામોર, જીલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદ પ્રમુખશ્રી સિરાજ મન્સુરી, જીલ્લા કાનૂની માપ વિજ્ઞાન મદદનીશ નિયંત્રકશ્રી હર્ષ ઠક્કર, એમ.એમ.રાઠોડ તેમજ અન્ય અધિકારીઓ તથા લો કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

નિમેષ શાહ
ધનસુરા



કમલેશભાઈ પટેલ
શિવમ પાર્ક સોસાયટી
બાયડ

હરેશ ડી.પટેલ
બુટાલ તા.ધનસુરા

માલપુર તાલુકાના જેસિંગપુર ખાતે જિલ્લા કક્ષા ની SOP મીટીંગ યોજાઈ

વિજય જાદવ દ્વારા નિર્મિત FLN - વાંચન,લેખન સિધ્ધિ મોડ્યુલ લોન્ચ કરાયું હતું

ધનસુરા, તા. ૨૫

માલપુર તાલુકાના જેસિંગપુર ખાતે જિલ્લા કક્ષા ની SOP મીટીંગ યોજાઈ હતી.૨૪-૧૨-૨૦૨૧ ના રોજ જિલ્લા કક્ષાની SOP મિટિંગ યોજાઈ હતી જેમાં આદરણીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી સ્મિતાબેન પટેલ, નાયબ જિલ્લા પ્રા.શિ.સાહેબ, જિલ્લા કોર્ડીનેટર શ્રી મહેશભાઈ ભુનાતર સાહેબ,અરવલ્લી ડાયટના પ્રાચાર્ય આદ.શ્રી

એન.ડી. પટેલ સાહેબ અને આદ.જીતપુરા સાહેબ તેમજ સમગ્ર જિલ્લા સ્ટાફ અને સમગ્ર જિલ્લાના બી.આર.સી.કો. શ્રીઓ, સમગ્ર સી.આર.સી.કો.શ્રીઓ,આઈ.ડી,બી.આર.પી.ની ઉપસ્થિતિમાં વિજય જાદવ(સી.આર.સી ચોરીમાલા, ભીલોડા) દ્વારા નિર્મિત FLN - વાંચન,લેખન સિધ્ધિ મોડ્યુલ લોન્ચ કરાયું હતું.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશનથી એપ્રોચરોડ ઉપર લાગેલ નોન-વેજ મસાલા દરબારના બોર્ડ હટાવ્યા

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળની ટીમ દ્વારા વિરોધ સાથે બોર્ડ હટાવ્યા : નોન-વેજ મસાલા દરબાર શબ્દનો ઉલ્લેખ થતા ક્ષત્રિયો સહિત તમામ હિન્દુઓની લાગણીને ઠેસ

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે જાહેર મા લાગેલા નોન-વેજ મસાલા દરબાર ના બોર્ડ હટાવવામા આવ્યા. પ્રાંતિજ ખાતે નગર પાલિકા વિસ્તાર મા આવેલ ભાંખરીયા બસસ્ટેશન થી એપ્રોચરોડ ઉપર છેલ્લા ચાર દિવસ થી નોન-વેજ મસાલા દરબાર ના બોર્ડ લાગ્યા હતા અને બોર્ડ લાગતા વિવિધ ચર્ચાઓએ જોર પકડયુ હતુ તો હિન્દુ પરિષદ તથા બજરંગ દળ ની ટીમ ના ધ્યાને આવતા તથા નોન-વેજ મસાલા દરબાર શબ્દ નો ઉલ્લેખ થતા ક્ષત્રિયો સહિત તમામ હિન્દુઓની લાગણી ને ઠેસ પોહચી હતી તો વિશ્વ હિન્દુ પરિષદ

તથા બજરંગ દળ ના કાર્યકરો દ્વારા ભાંખરીયા વિસ્તાર તથા એપ્રોચરોડ ઉપર લાગેલા બોર્ડ હટાવવામા આવ્યા તો નોન-વેજ ની જાહેરાત કરતા બોર્ડ ભાજપ શાસિત નગર પાલિકા ની જગ્યા ઉપર લાગતા પાલિકા સામે પણ રોષ જોવા મલ્યો હતો.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન

કુદરતનો કરીશમા...

શિયાળાની સિઝન દરમ્યાન ફુલ ગુલાબી ઠંડીના માહોલ વચ્ચે વહેલી સવારે કુદરતી વાતાવરણમાં ધુમ્મસભર્યો નયનરમ્ય આહલાદક નજારો...



ભિલોડા,તા.૨૫

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સહિત ભિલોડા તાલુકામાં સીમ વિસ્તારમાં ખેતરમાં વિવિધ પ્રકારના પાકો ઉપર શ્વેત ઓઠણી,ફરીથી વાદળછાયું વાતાવરણ સર્જાયું પરંતુ કડકડતી ઠંડીના માહોલ આંશિક રાહત થઈ છે.ગત અઠવાડિયે કાંતિલ ઠંડી નો માહોલ પ્રવર્તતી રહ્યો હતો.છેલ્લા બે દિવસથી તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ એકંદરે ઠંડીનો ચમકારો ઘટયો છે.પ્રજજનો અને અબોલા પશુ-પંખીઓએ હાશકારો અનુભવ્યો છે.ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો વર્તાતા વારંવાર વાતાવરણમાં પલ્ટો આવતા વાદળછાયું વાતાવરણ સર્જાયું હોય ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં કમોસમી માવઠાની સંભાવના વચ્ચે ખેડુતો ભારે મુંઝવણમાં મુકાયા છે.

પ્રાંતિજ સહિત તાલુકામાં શાકભાજીના ભાવ આસમાને જતા ગૃહિણીઓ લાલગુમ

ખરી સિઝનમાંજ શાકભાજીના ભાવ આસમાને : શાકભાજીના ભાવ વધતા ગૃહિણીઓના બજેટ ઉપર અસર

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકા મા હાલતો વિવિધ શાકભાજી ના ભાવ ઉંચા જતા ગૃહિણીઓ ના બજેટ ઉપર અસર જોવા મળી છે તો ભાવ વધારા ને લઈ ને ગૃહિણીઓ લાલગુમ

પ્રાંતિજ સહિત તાલુકા મા શાકભાજી ફલાવર, કોબીજ, ચોળી, તુવેર, વટાણા, ધાણા, મરચા, રીંગણ, રવૈયા સહિતની વિવિધ શાકભાજી ના ભાવ આસમાને પોહચતા રોજીદુ શાકભાજી ખરીદી કરતી ગૃહિણીઓમા ભાવ વધારા ને લઈ



ને નારાજગી જોવા મલી રહી છે અને ભાવ વધારાથી તેવોના બજેટ ઉપર પણ અસર થઈ છે તો અતિશય ભાવ વધારાથી ગૃહિણીઓ લાલગુમ જોવા મળી રહી છે

રીટેલ ભાવ

એક કિલોનો	ભાવ
ફ્લાવર	૫૦ થી ૬૦
કોબીજ	૪૦
રીંગણ	૫૦
રવૈયા	૬૦
બટાકા	૨૦
ડુંગરી	૩૦ થી ૪૦
મરચા	૪૦
ધાણા	૪૦
ભીંડા	૧૦૦
ટામેટા	૩૫ થી ૪૦
ગાજર	૩૦
વટાણા	૪૦
તુવેર	૫૦
ચોળી	૮૦

હોલસેલ	ભાવ (મણના)
ફ્લાવર	૭૦૦થી ૮૦૦
કોબીજ	૬૦૦થી ૭૦૦
રીંગણ	૮૦૦થી ૯૦૦
રવૈયા	૧૦૦૦થી ૧૧૦૦
બટકા	૩૨૦
ડુંગરી	૫૦૦થી ૬૦૦
ધાણા	૫૦૦
ભીંડા	૧૫૦૦થી ૧૬૦૦

ભિલોડાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તારમાં ૧ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી સુધી પ્રતિબંધ રહેશે

બાયડ તા.૨૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામમાં ફાયરીંગ બટ આવેલો છે. આ બટમાં રા.અ.પો.દળ. જૂથ-૬,મુડેટીના સાબરકાંઠા જીલ્લામાં ફરજ બજાવતા જૂથના અધિકારી/જવાનોનું સને-૨૦૨૧ના બીજા તબક્કાનું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કરવાનું હોઈ પોલીસ અધિક્ષકશ્રી,અરવલ્લી મોડાસા દ્વારા તા.૦૯ ડિસેમ્બર ૨૦૨૧ના પત્રથી મંજુરી આપેલ છે.

જે અંતર્ગત સેનાપતીશ્રી, રા.અ.પો.દળ., જૂથ-૬ મુડેટી સાબરકાંઠા જીલ્લાના તા.૧૬ ડિસેમ્બર ૨૦૨૧ના પત્રથી આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી જાહેરનામું અમલમાં રહેશે.

જેથી શ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીના, જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટમાં રા.અ.પો.દળ. જૂથ-૬,મુડેટીના સાબરકાંઠા જીલ્લામાં ફરજ બજાવતા જૂથના અધિકારી/જવાનોનું સને-૨૦૨૧ના બીજા તબક્કાનું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કરવાનું હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી. ની ત્રિજયાના વિસ્તારમાં તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

તેમજ જાહેરનામાં બાબતે પોલીસ ખાતા દ્વારા આ જાહેરનામાથી સ્થાનિકો અવગત થઈ શકે તથા અકસ્માત નિવારી શકાય તે માટે પ્રચાર બોર્ડ મુકવા તથા ફાયરીંગના સમય દરમિયાન ચોકી/નાકાબંધી કરવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઉકત કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ક્ષેત્રાધિકારી ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે અને બિન અધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈ પણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહિ.

પ્રાંતિજના બોભા ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના બોભા ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ ની ઉજવણી ને લઈ ને વિધાર્થીઓ દ્વારા રેલીયોજી પત્રિકાઓનુ વિતરણ કરી મીટીંગ યોજાઈ ગામજનોને સમજ આપી ઉજવણી કરવામા આવી. ૨૪ ડીસેમ્બર ના રોજ રાષ્ટ્રીય અધિકાર દિવસ તરીકે ઉજવવામા આવે છે જેને લઈ ને ભારતીય માનક બ્યુરો અમદાવાદ અને ગ્રાહકહિત સુરક્ષા મંડળ પ્રાંતિજ ના સંયુક્ત ઉપક્રમે પ્રાંતિજ તાલુકાના બોભા ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા શ્રીમતી આર.ડી.પટેલ હાઈસ્કૂલ ના

વિધાર્થીઓ દ્વારા ગામમા રેલીયોજી ને જાગૃતિ અંગેની પત્રિકાઓનુ વેચાણ કરવામા આવ્યુ હતુ તો બોભા ખાતે જાગૃતિ કાર્યક્રમ નુ આયોજન કર્યુ હતુ જેમા ભારતીય માનક બ્યુરો અમદાવાદ ના સ્ટાન્ડર્ડ પ્રમોશન ઓફિસર સંદિપ ચાવડા હાજર રહીને હોલમાર્કેજીં માર્કો શુ છે માર્કા વાળી જે વસ્તુઓને શા માટે ખરીદવી તથા હોલમાર્કએ ગુણવત્તા નુ પ્રતિક છે સોનાના ઘરેણા હોલમાર્ક વાળાજ ખરીદવા જોઈએ કારણ કે સોનાની સાચી પરખ કરે છે માહિતગાર કર્યા હતા આ પ્રસંગે ગામના મહિલા સરપંચ ચંદાબેન આદરસિંહ રાઠોડ , મણીબેન રાઠોડ , સુરસિંહ રાઠોડ , ભલુસિંહ રાઠોડ , પશાભાઈ વાણીયા સહિત ગામ અગ્રણીઓ સહિત ગામજનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન મળવ્યુ હતુ ૨૪ ડીસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક દિન ઉજવણી પ્રસંગે ગ્રાહક સુરક્ષા કાયદો અને બજાર ની ખરીદી મા ધ્યાન મા રાખવાની વિસ્તુત માહિતી ગ્રાહક હિત સુરક્ષા મંડળ ના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા સમજ આપવામા આવી હતી